## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



જયોતિબા ગજેન્દ્રભાઈ ખારોડ (૧૯૩૩) ફોન: ૩૨૩ ૬૦૬૦૫

# ગાંધીનગર-મહુડી હાઈ-વે પર મારૂતિવાન સળગી ઉઠી

માણસા, તા. ૪

ગાંધીનગર-મહુડી હાઈ-વે પર અંબોડ ગામ પાસે આજે સવારે એક મારૂતિ વાનમાં અચાનક જ શોર્ટસર્કિટના કારણે આગ ભભૂકી ઉઠી હતી અને થોડી જ વારમાં મારૂતિવાન સંપૂર્ણ પણે ખાખ થઈ ગઈ હતી. ફાયરબ્રિગેડે તાત્કાલિક ઘટનાસ્થળે આવી આગ બુજાવી દીધી હતી.

મળતી માહિતી અનુસાર માણસા તાલુકાના રાજપુરા ગામે રહેતા પ્રવિણભાઈ ભોળાભાઈ પટેલ આજે સવારે ૯ વાગ્યાના સુમારે પોતાની મારૂતિ વાન નં. જીજે-૧૮-એબી-૬૬૨૭ લઈ પુંધરા ગામ તરફ જઈ રહ્યા હતા ત્યારે મહુડી રોડ પર અંબોડ ગામના વળાંક પાસે વાનના એન્જીનમાંથી અચાનક સોર્ટ સર્કિટના કારણે ધુમાડો નિકળતા ચાલકે સમય સુચકતા દાખવી વાનને માર્ગની સાઈડમાં પાર્ક કરી સલામતીપૂર્વક બહાર નિકળી ગયા હતા. ક્ષણવારમાં જ વાન આખી આગની લપેટમાં લપેટાઈ ગઈ હતી. માર્ગ પર ચાલુ વાહને આગ લાગતા ભારે દોડધામ મચી ગઈ હતી. આ બનાવ અંગે માણસા ફાયરબ્રિગેડને જાણ કરવામાં આવતા તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આગને કાબુમાં લીધી પરંતુ ત્યાં સુધીમાં મારૂતિવાન સંપૂર્ણ બળી ગઈ હતી. આ આગના બનાવમાં ચાલકની સમય સૂચકતાથી મોટી જાનહાની ટળી હતી.

## સે-૬ અંબાજી મંદિર ખાતે વસાહતીઓની ખાસ બેઠક

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના હાર્દસમા સે-૬માં ઝુંપડપટ્ટી હટાવો ઝુંબેશ વસાહતીઓ દ્વારા છેડવામાં આવી છે ત્યારે સે-૬ સંઘર્ષ સમિતિ દ્વારા આવતીકાલે રવિવારે તા. ૫ ઓગષ્ટના રોજ સે-૬/એ અંબાજી મંદિર ખાતે રાત્રે ૮.૩૦ કલાકે ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ઝુંપડાવાસીઓ પર રહેમનજર રાખનાર સરકારી અમલદારો વિરૂધ્ધ રજૂઆતો કરવાની ઉગ્ર ચર્ચા વિચારણા કરાશે.

# ચૂંટણીની તૈયારી માટે લોજપાના કાર્યકરોને હાકલ

### ગાંધીનગરના ટાઉનહોલમાં રામવિલાસ પાસવાનના અધ્યક્ષ સ્થાને સત્તા પરિવર્તન સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૪

આગામી ટૂંક સમયમાં આવી રહેલી ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દેવા માટે લોક જનશક્તિ પાર્ટીના અધ્યક્ષ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી રામવિલાસ પાસવાને આજે ગાંધીનગર ખાતે યોજાયેલા સંમેલનમાં પક્ષના કાર્યકરોને હાકલ કરી હતી અને મિશન ઈલેક્શન-૨૦૧૨ માટે આગામી સપ્ટેમ્બરમાં ગુજરાતનો ત્રણ દિવસનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જેની શરૂઆત જૂનાગઢથી કરવામાં આવશે તેમ કહ્યું હતું.



ગુજરાત રાજ્ય લોક જનશક્તિ પાર્ટી અને દલિત સેનાના ઉપક્રમે આજે ગાંધીનગરના ટાઉનહોલ ખાતે રામવિલાસ પાસવાનના અધ્યક્ષસ્થાને મિશન ઈલેક્શન-૨૦૧૨ અંગે સત્તા પરિવર્તન સંમેલન યોજવામાં આવ્યું હતું. જેમાં પાસવાને કાર્યકરોને જણાવ્યું હતું કે આગામી ડિસેમ્બરમાં યોજાનારી ગુજરાત રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં લોક જનશક્તિ પાર્ટી જંપલાવવાની છે. પાર્ટી દ્વારા ગુજરાતની તમામ ૧૮૨ બેઠકો લડવા માટે આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જેથી તમામ કાર્યકરોને ચૂંટણીની તૈયારીઓમાં લાગી જવા હાંકલ કરી લોક જનશક્તિ પાર્ટીની તાકાત બતાવી દેવા પાણો ચઢાવ્યો હતો અને પક્ષના ગુજરાત ખાતેના પ્રમુખ મુકેશ ગુર્જરને પણ સંગઠનની કામગીરી વેગવંતી બનાવવા કહ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં મુસ્લિમ બીરાદરો અને દલિત આગેવાનો તથા બ્રહ્મસમાજ લોજપા સાથે જોડાયો હોવાની જાહેરાત કરવામાં આવી હતી.

પાસવાને ગુજરાતનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે દલિતો અને આદિવાસીઓ ઉપર ગુજરાતમાં ભારે અન્યાય થઈ રહ્યો છે. એક આઈપીએસ અધિકારીએ પણ અમને અહેવાલ આપ્યો હતો કે ગુજરાતની સરકાર દલિત વિરોધી છે. તેમણે લોજપા અને વિચારધારાની પાર્ટી હોવાનું કહેતા જણાવ્યું કે દેશમાં નેતાની ખોટ નથી પણ નેતામાં નિતીની કમી છે. ગુજરાત તરફ નિર્દેશ કરતા તેમણે કહ્યું કે કોઈ પણ પક્ષમાં એક વ્યક્તિનું હિત ખતરનાક છે. તેમણે કાર્યકરોને કહ્યું કે પાર્ટી પોલીસી હથિયાર છે અને કાર્યકરોએ પાર્ટીનો હાથ હોય છે. એટલે કે હથિયાર મજબૂત હોય પણ હાથ મજબૂત ન હોય તો જંગ જીતી શકાતો નથી.

## ચાણક્ય સેવા ટ્રસ્ટ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા.૪

ચાણક્ય સેવા ટ્રસ્ટ અને વડોદરા જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજના ઉપક્રમે વિવિધ કાર્યક્રમો યોજેલ છે. સાથીઓની દીર્ઘકાલીન સેવા સન્માન તા.૩૧મી ઓગસ્ટના રોજ મરોલ જિ., નવસારી ખાતે ચહેરમાતા ધામમાં સન્માન કરાશે. ઉભરાટમાં દરિયા દર્શન કરવામાં આવશે.

તા. ૨૭મી ઓકટોબરના રોજ સરસ્વતિ સન્માન તથા સહયોગી સન્માન કાર્યક્રમ યોજેલ છે. ધોરણ-૧૦,૧૨, સ્નાતક, અનુસ્નાતકને ૨૦ગ્રામ ચાંદીના ચંદ્રકથી સન્માન કરાશે. આર્થિક માપદંડવાળા વિદ્યાર્થીઓને સહાયના ચેક અપાશે. જીવનસાથી પસંદગી મેળા તા.૪થી નવેમ્બર વડોદરા ખાતે મળશે. આમ વિવિધ કાર્યક્રમો આયોજન કરવામાં આવેલ છે.

## ઈફકોની પ્રેરણા લેડીઝ કલબે વિકલાંગ વિદ્યામંદિરમાં રક્ષાબંધન પર્વ ઉજવ્યું

ગાંધીનગર, તા.૪

ઈફકો, કસ્તુરીનગર, પ્રેરણા લેડીઝ કલબની બહેનો દ્વારા સદવિચાર પરિવાર સંચાલિત એસ.કે. દેસાઈ વિકલાંગ વિદ્યામંદિરમાં રક્ષાબંધનનો કાર્યક્રમ યોજાયો હતો.

વિકલાંગ વિદ્યાર્થીઓ દ્વારા બહેનોનું પુષ્પથી સ્વાગત કર્યું હતું.

આચાર્ય ડૉ. ગમારા રક્ષાબંધન પર્વની અગત્યતા વિશે સમજણ આપી હતી. ભાઈ-બહેનના પ્રેમને નિર્મળ સ્વચ્છ બનાવી રાખીએ.

પ્રેરણા કલબના પ્રમુખ શ્રીમતી કાંતિસિંઘે આર્શિવાદ પાઠવ્યા હતા. વિકલાંગ વિદ્યાર્થીને રાખડી બાંધવામાં આવી હતી.

## સમાચાર ઝલક

- ચારધામ યાત્રાના યાત્રાળુઓ ફસાયા, ભેખડ ધસી પડતાં ગઠવાલમાં હજારો શ્રધ્ધાળુ અટવાયા, ટ્રાફિક જામ.
- ચીનમાં મુસ્લિમ અધિકારી-વિદ્યાર્થીઓ પર રોઝા રાખવા પર પ્રતિબંધ લદાયો.
- ગુજરાત સહિત અડધા ભારતમાં દુષ્કાળ, સત્તાવાર સ્વીકાર, કૃષિને મોટી અસર.
- આચાર્યને સસ્પેન્ડ કરતાં મોરબીની સાયન્સ કોલેજમાં વિદ્યાર્થીઓ દ્વારા તાળાબંધી.
- ખાદ્ય તેલોની નિકાસ પર પ્રતિબંધ, સૌરાષ્ટ્રની તેલ મિલોને ફટકો.
- ગુજરાતમાં પુનરાવર્તનના એક ફેકટર સામે પરિવર્તનના ત્રણ ફેકટરમાં જંગ.
- મંત્ર ઉચ્ચારણથી પ્રાણ શક્તિમાં સંચાર થાય છે : સ્વામી પ્રિયજીતજી.
- દેશમાં ડુંગળીનું વાવેતર ૫૦% ઘટવાનો અંદાજ દિવાળી સુધી ચાલે તેટલો જથ્થો.
- વર્ષ ૨૦૧૨માં પાંચ ઉપગ્રહો તરતાં મુકવાની તૈયારીઓ શરૂ.
- જમ્મુ કાશ્મીર હોસ્પિટલમાં ગયા વર્ષમાં ૧૪૦૦ બાળકોનાં મોત, ડોકટરોની બેદરકારી હોવાથી.
- ગરીબી-બેરોજગારી ઘટાડવા સરકાર ગંભીર બને : નારાયણ મૂર્તિ.
- ભારતનાં મંદિરોમાં 'સેવા' આપનાર પાકિસ્તાનના ડેપ્યુટી એટર્ની જનરલ સસ્પેન્ડ.
- મારૂતિ યુનિયનના દસ નેતા પોલીસ કસ્ટડીમાં.
- અણ્ણાનું આંદોલન સમેતાટાં કેન્દ્ર સરકારને રાહત.
- સની લિયોનની જિસ્મ-૨ જોયા પછી સુરતીઓમાં ફિલીંગ હોટ...હોટ...!!! તમામ થિયેટરો હાઉસફૂલ.
- હિન્દુઓને અનુકૂળ હોય એવી જમીન શોધીને હિન્દુ મંદિર બાંધવાના પાકિસ્તાનના વડાપ્રધાનના આદેશો.
- પોલીસના નાઇટ રાઉન્ડની પોલ ખોલતું મશીન દેશમાં સહુ પ્રથમ સાવરકુંડલા પોલીસે વસાવ્યું.
- નિરમા યુનિવર્સિટીમાં ફી વધારા સામે વાલીઓ કોર્ટમાં જશે.

## બ્રહ્મ સમાજ દ્વારા આજે સમૂહ સત્યનારાયણ કથા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સેકટર-૧૬ બ્રહ્મ ભવન પાસે આવેલા સોમનાથ મંદિર ખાતે તા. ૫ ઓગષ્ટને રવિવારના રોજ બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન સમૂહ સત્યનારાયણ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે સમાજના પ્રમુખ પિનાકીન રાવલે જણાવ્યું હતું કે, વરૂણદેવને રીઝવવા માટે યોજાનાર આ સમૂહ સત્યનારાયણ કથામાં ૧૫૧ યજમાનો જોડાશે. જયારે મોટી સંખ્યામાં ભકતો પણ ઉપસ્થિત રહેશે.

## આજે રોટરી કલબ ઓફ કેપીટલ દ્વારા પબ્લીક ઈમેજ સેમીનાર યોજાશે

ગાંધીનગર, તા.૪

રોટરી કલબ ઓફ કેપીટલ, ગાંધીનગર દ્વારા આજે તા.૫મી ઓગષ્ટ ૨૦૧૨ને રવિવારે સવારે ૧૦ થી ૨ કલાક દરમિયાન પબ્લીક ઈમેજ સેમીનાર અને મેમ્બરશીપનો કાર્યક્રમ સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, ચ-૫ ફૂવારા પાસે, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે યોજાશે.

રોટરી કલબ ઓફ કેપીટલ ગાંધીનગરના સેક્રેટરી વિષ્ણુભાઈ પટેલે જણાવ્યું છે કે, આજે મેમ્બરશીપ અને પબ્લીક ઈમેજ સેમીનારની સાથે સાથે સાંજે ૫ થી ૮.૩૦ કલાક દરમિયાન આર.આઈ. ૩૦૫૦ના ડિસ્ટ્રીકટ ગવર્નર રોટેરીયન આશિષભાઈ દેસાઈ કલબની મુલાકાત લેશે જેમાં સૌ સભ્યોને ઉપસ્થિત રહેવા ખાસ જણાવાયું છે.

## એમ.બી. પટેલ અંગ્રેજી માધ્યમ સ્કુલમાં તહેવારોના થીમ કાર્ડ બનાવ્યા

ગાંધીનગર, તા.૪

ઓગસ્ટ માસ વિવિધ ઉત્સવોને લઈને આવે છે. ઉત્સવોથી સમાજ જીવન હર્યુંભર્યુ બને છે. શાળા-કોલેજોમાં પણ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ઉત્સવોને વધાવવામાં આવે છે. વિવિધ ઉત્સવોની થીમને આધારીત કાર્ડ મેકીંગ અને ચાર્ટસ મેકિંગ સ્પર્ધા તેમજ અંગ્રેજી કાવ્યોનું લયબદ્ધ પઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ તેમજ જર્મનથી આવેલી બે વિદ્યાર્થીઓ સારા અને મજ્ઞોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ઉત્સવોના મહિનાને વધાવી લીધો હતો.

## દુ:ખદ અવસાન

ગાંધીનગર, તા.૪

રાંધેજા કોલવડાના વતની તથા ગાંધીનગર નિવાસી રમણલાલ નટવરલાલ ઉપાધ્યાયનો તા. ૨ ઓગષ્ટ ૨૦૧૨ના રોજ સ્વર્ગવાસ થતાં સ્વર્ગસ્થનું બેસણું આજે તા ૫મી ઓગષ્ટ ૨૦૧૨ને રવિવારે સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન કિરીટભાઈ રમણલાલ ઉપાધ્યાય, રંગમંચ ડિસ્ટ્રીકટ શોપીંગ સેન્ટરની બાજુમાં, સેકટર-૨૪, ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યું છે.


KALPA-TARU®

## KALPATARU POWER TRANSMISSION LTD.

REGD. OFFICE : 101, PART-III, G.I.D.C. ESTATE, SECTOR - 28, GANDHINAGAR-382028.

(₹ in Lacs)

### UNAUDITED STANDALONE FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE, 2012

| Sr. No. | Particulars | Standalone | | | |
|---|---|---|---|---|---|
| | | For Quarter Ended | | | Year Ended |
| | | 30/06/2012 (Unaudited) | 31/03/2012 (Unaudited) | 30/06/2011 (Unaudited) | 31/03/2012 (Audited) |
| | **PART-I** | | | | |
| | **STATEMENT OF FINANCIAL RESULTS** | | | | |
| 1 | **Income from Operations** | | | | |
| | (a) Net Sales / Income from Operations (Net of Excise duty) | 68,986 | 1,06,027 | 57,337 | 2,98,662 |
| | (b) Other Operating Income | 957 | 135 | 1,237 | 4,610 |
| | **Total Income from Operations (net)** | **69,943** | **1,06,162** | **58,574** | **3,03,272** |
| 2 | **Expenses** | | | | |
| | (a) Cost of materials consumed | 36,392 | 53,733 | 27,320 | 1,48,858 |
| | (b) Purchase of stock-in-trade | - | - | - | - |
| | (c) Changes in inventories of finished goods, Work-in-Progress and Stock-in-trade | (3,972) | 1,403 | (1,622) | 1,337 |
| | (d) Erection & Sub-Contracting Expenses | 17,323 | 25,909 | 16,290 | 73,564 |
| | (e) Employee Benefits Expense | 4,306 | 4,916 | 4,235 | 17,023 |
| | (f) Depreciation & Amortisation Expense | 1,204 | 1,218 | 1,174 | 4,810 |
| | (g) Other Expenditure | 8,855 | 10,904 | 5,445 | 29,565 |
| | **Total Expenses :** | **64,108** | **98,083** | **52,842** | **2,75,157** |
| 3 | Profit/(Loss) from Operations before Other Income, finance cost and Exceptional Items (1-2) | 5,835 | 8,079 | 5,732 | 28,115 |
| 4 | Other Income | 1,318 | 1,387 | 1,322 | 5,118 |
| 5 | Profit/(loss) from ordinary activities before finance cost and Exceptional Items (3+4) | 7,153 | 9,466 | 7,054 | 33,233 |
| 6 | Finance Costs | 3,143 | 2,293 | 2,321 | 10,825 |
| 7 | Profit/(Loss) from ordinary activities after finance cost but before Exceptional Items (5-6) | 4,010 | 7,173 | 4,733 | 22,408 |
| 8 | Exceptional Items | - | - | - | - |
| 9 | Profit/(Loss) from Ordinary Activities before Tax (7-8) | 4,010 | 7,173 | 4,733 | 22,408 |
| 10 | Tax Expense | 1,275 | 1,498 | 1,375 | 5,918 |
| 11 | Net Profit /(Loss) from Ordinary Activities after Tax (9-10) | 2,735 | 5,675 | 3,358 | 16,490 |
| 12 | Extraordinary Items (net of tax expense ₹ in lacs) | - | - | - | - |
| **13** | **Net Profit(+)/Loss(-) for the period (11-12)** | **2,735** | **5,675** | **3,358** | **16,490** |
| 14 | Paid Up Equity Share Capital (Face Value of ₹ 2/- each) | 3,069 | 3,069 | 3,069 | 3,069 |
| 15 | Reserve excluding Revaluation Reserves as per Balance sheet of previous accounting year | - | - | - | 1,71,186 |
| 16.i | Earnings Per Share (EPS) (before extraordinary items of ₹ 2 each) (not annualised) | | | | |
| | a) Basic | 1.78 | 3.70 | 2.19 | 10.75 |
| | b) Diluted | 1.78 | 3.70 | 2.19 | 10.75 |
| 16.ii | Earnings Per Share (EPS) (after extraordinary items of ₹ 2 each) (not annualised) | | | | |
| | a) Basic | 1.78 | 3.70 | 2.19 | 10.75 |
| | b) Diluted | 1.78 | 3.70 | 2.19 | 10.75 |
| | **PART-II SELECT INFORMATION FOR THE QUARTER ENDED 30/06/2012** | | | | |
| A | **PARTICULARS OF SHAREHOLDING** | | | | |
| 1 | Public Shareholding | | | | |
| | No. of Shares | 6,53,62,501 | 6,78,09,244 | 6,90,79,240 | 6,78,09,244 |
| | Percentage (%) of Shareholding | 42.59 | 44.19 | 45.01 | 44.19 |
| 2 | Promoters and Promoter Group Shareholding | | | | |
| | a) Pledge/Encumbered | | | | |
| | - No. of Shares | 3,75,95,000 | 3,74,75,000 | 1,42,39,000 | 3,74,75,000 |
| | - Percentage of Shares (as a % of the total Shareholding of promoter and promoter group) | 42.67 | 43.75 | 16.87 | 43.75 |
| | - Percentage of shares (as a % of the total Share Capital of the Company) | 24.50 | 24.42 | 9.28 | 24.42 |
| | b) Non-encumbered | | | | |
| | - No. of Shares | 5,05,03,069 | 4,81,76,326 | 7,01,42,330 | 4,81,76,326 |
| | - Percentage of Shares (as a % of the total Shareholding of promoter and promoter group) | 57.33 | 56.25 | 83.13 | 56.25 |
| | - Percentage of shares (as a % of the total Share Capital of the Company) | 32.91 | 31.39 | 45.71 | 31.39 |
| | **Particulars** | **3 months ended 30/06/2012** | | | |
| B | **INVESTOR COMPLAINTS** | | | | |
| | Pending at the beginning of the quarter | Nil | | | |
| | Received during the quarter | Nil | | | |
| | Disposed of during the quarter | Nil | | | |
| | Remaining unresolved at the end of the quarter | Nil | | | |

Place : Gandhinagar
Dated : 04th August, 2012

(₹ in Lacs)

### SEGMENT WISE REVENUE, RESULTS & CAPITAL EMPLOYED FOR THE QUARTER ENDED 30TH JUNE, 2012

| Sr. No. | Particulars | Standalone | | | |
|---|---|---|---|---|---|
| | | For Quarter Ended | | | Year Ended |
| | | 30/06/2012 (Unaudited) | 31/03/2012 (Unaudited) | 30/06/2011 (Unaudited) | 31/03/2012 (Audited) |
| A | **Segment Revenue** | | | | |
| | a) Transmission & Distribution | 61,124 | 93,155 | 52,268 | 2,64,052 |
| | b) Infrastructure EPC | 7,591 | 11,520 | 5,118 | 33,875 |
| | c) Others | 1,228 | 1,487 | 1,188 | 5,345 |
| | **TOTAL:** | **69,943** | **1,06,162** | **58,574** | **3,03,272** |
| | Less: Inter Segment Revenue | - | - | - | - |
| | **Net Sales / Income from Operations** | **69,943** | **1,06,162** | **58,574** | **3,03,272** |
| B | **Segment Results** | | | | |
| | [Profit (+) / Loss (-) before tax & Finance cost) | | | | |
| | a) Transmission & Distribution | 5,618 | 7,361 | 5,281 | 26,325 |
| | b) Infrastructure EPC | 320 | 974 | 412 | 1,925 |
| | c) Others | (34) | 78 | 54 | 338 |
| | **Total:** | **5,904** | **8,413** | **5,747** | **28,588** |
| | Less : Finance cost | 3,143 | 2,293 | 2,321 | 10,825 |
| | Add : Other un-allocable income net off un-allocable expenditure | 1,249 | 1,053 | 1,307 | 4,645 |
| | **Total Profit Before Tax** | **4,010** | **7,173** | **4,733** | **22,408** |
| C | **Capital Employed** | | | | |
| | [Segment Assets - Segment Liabilities] | | | | |
| | a) Transmission & Distribution | 1,36,574 | 1,08,458 | 1,14,667 | 1,08,458 |
| | b) Infrastructure EPC | 39,459 | 32,486 | 18,778 | 32,486 |
| | c) Others | 8,950 | 8,516 | 10,011 | 8,516 |
| | d) Unallocable | 65,606 | 72,635 | 71,579 | 72,635 |
| | **TOTAL** | **2,50,589** | **2,22,095** | **2,15,035** | **2,22,095** |

**Note :**

1. The above results were reviewed by the Audit Committee and recommended for approval of the Board and approved by the Board at their meeting held on 4th August, 2012.
2. The Statutory Auditors of the Company have conducted a "limited review" of the above financial results.
3. Figures for the Quarter ended March 31, 2012 are the balancing figures between audited figures in respect of full financial year ended March 31,2012 and year to date figures upto the third quarter of that financial year.
4. The previous Period's / Year's figures have been regrouped / rearranged wherever considered necessary.

By Order of the Board of Directors
**For KALPATARU POWER TRANSMISSION LTD.**
**Pankaj Sachdeva**
**Managing Director**

Please visit our website: **www.kalpatarupower.com**